Veer Narmad
South Gujarat University, Surat
Re-accredited by NAAC with 'B++' grade
सत्यम् ज्ञानम् अनन्तम्

ઈ–દક્ષિણાયન
Dakshinayan e-Newsletter
For Private Circulation Only



Vol. 16, Issue. 274, June 2025

**પ્રિય વાચક મિત્રો,**

**યોગ ધર્મ, આસ્થા અને અંધવિશ્વાસથી ઉપર છે. યોગ એક સરળ વિજ્ઞાન છે. પ્રાયોગિક વિજ્ઞાન છે. યોગ છે જીવન જીવવાની કળા. યોગ એક પૂર્ણ ચિકિત્સા પદ્ધતિ છે. એક પૂર્ણ માર્ગ છે – રાજપથ. ધર્મ એક એવુ બંધન છે જે બધાને એક ખૂંટીએ બાંધે છે અને યોગ બધા પ્રકારના બંધનોથી મુક્તિનો માર્ગ બતાવે છે – ઓશો.**

યોગ એ કોઈ નવી શોધ નથી – તે ભારતની સૌથી પ્રાચીન તથા વૈજ્ઞાનિક જીવનશૈલી છે. વિવિધ શાસ્ત્રોમાં યોગને માત્ર શારીરિક કસરત તરીકે નહી, પરંતુ આધ્યાત્મિક ઉન્નતિ માટેની પદ્ધતિ તરીકે સમજાવવામાં આવ્યો છે. ઉપનિષદો, ભગવદગીતા અને યોગસૂત્ર જેવા ગ્રંથોમાં યોગનું તત્વજ્ઞાન અને વ્યાખ્યા ઊંડાણથી આપવામાં આવી છે. 'યોગ' એટલે ધ્યાનથી જોડાવું, યોગ શબ્દ એ એક ગૂઢ શબ્દ છે. જેનો અર્થ વ્યાપક છે, ચિત્ત માં ઉઠતી વૃત્તિ પ્રત્યે આપણી અંદર સજાગતા આવતી જાય છે તે રાજયોગ છે. આસનો, મંત્રો, પ્રાણાયામ, ભક્તિ એ બધી એકાગ્ર થવાની રીતો છે.

૨૦૧૪માં, ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ સંયુક્તરાષ્ટ્ર મહાસભામાં યોગના વૈશ્વિક મહત્ત્વ અંગે ઉલ્લેખ કર્યો અને ૧૭૭ દેશોના સહયોગથી ૨૧મી જૂનને 'આંતરરાષ્ટ્રીય યોગ દિવસ' તરીકે ઘોષિત કરવામાં આવ્યો. પ્રથમ યોગ દિવસ ૨૦૧૫માં ઉજવાયો અને ત્યારથી દર વર્ષે આ દિવસ વિશ્વભરમાં ઉલ્લાસભેર ઉજવાય છે. ૨૧મી જૂન ઉત્તર ગોળાર્ધમાં વર્ષનો સૌથી લાંબો દિવસ હોય છે. જે પ્રકાશ, ઉર્જા અને નવી શરૂઆતનું પ્રતિક છે. યોગની આંતરિક દિવ્યતા માટે આ દિવસ અત્યંત યથાર્થ ગણાય છે. યોગની પરંપરા ભારતની પ્રાચીન સંસ્કૃતિમાં ઊંડે ધરાવેલી છે. ઈસવીસન પહેલાંના સમયમાં મહર્ષિ પતંજલિએ યોગસૂત્રોની રચના કરી હતી, જેને આધુનિક યોગશાસ્ત્રનું મૂળ માનવામાં આવે છે. યોગનો ઉદ્દેશ છેઃ 'ચિત્તવૃત્તિની નિરોધીતા' એટલે કે મનના ચંચળ પ્રવાહોને રોકીને શાંતિ અને સંતુલન પામવું. આ વિશેષ દિવસ ૨૧ જૂનને આંતરરાષ્ટ્રીય યોગ દિવસ તરીકે ઉજવવા માટે પસંદ કરવામાં આવ્યો છે કારણ કે, એવું માનવામાં આવે છે કે આ દિવસે પ્રથમ યોગી અથવા આદિયોગી દક્ષિણ તરફ વળ્યા હતા અને સપ્તર્ષિઓ તરીકે ઓળખાતા સાત ઋષિઓને જોયા હતા. સપ્તર્ષિ તેમના પ્રથમ શિષ્ય હતા. જેમણે યોગના વિજ્ઞાનને વિશ્વના વિવિધ ભાગોમાં ફેલાવવામાં યોગદાન આપ્યું હતું. તેથી જ માનવતાના ઈતિહાસમાં આ દિવસનું ઘણું મહત્ત્વ છે. આ દિવસ માત્ર યોગના આસનો માટે નથી, પણ તે યોગના તત્વજ્ઞાન, માનવ વિકાસમાં તેની ભૂમિકા અને આંતરિક શાંતિ માટેના માર્ગ તરીકે વૈશ્વિક સ્તરે તેની મહત્તાને ઉજાગર કરે છે. પ્રાચીન સમયથી યોગની માન્યતા રહી છે કે 'યત પિંડે, તત બ્રહ્માંડે' એટલે કે મૂળ તત્વ બ્રહ્માંડમાં છે તે જ આપણા પિંડ (શરીર)માં પણ સ્થિત છે. યોગ, તંત્ર, આયુર્વેદ, જ્યોતિષ વગેરેમાં દરેકે પાંચ મૂળ તત્વોથી શરીરનું નિર્માણ થયું હોવાનું દર્શાવ્યું છે. ભારતની વિશ્વને ભેટ ગણાતા 'યોગની અસરકારકતા માત્ર શરીર અને મનના સંતુલન સુધી જ મર્યાદિત નથી. યોગનો સંબંધ મન–શરીર સહિત વ્યક્તિના સમગ્ર વ્યક્તિત્વને પાંચ મૂખ્ય તત્વો અગ્નિ, પૃથ્વી, જળ, વાયુને આકાશ સાથે જોડવાનો પણ છે. તુલસીદાસે પણ સમજાવ્યું છે, 'ક્ષિતિ જલ પાવક સમીરા, પંચ રચિત અતિ અધમ શરીરા.' એટલે કે, 'આપણા ભૌતિક શરીરનું નિર્માણ, ધરતી, જળ, અગ્નિ, વાયુ અને આકાશ જેવા પાંચ તત્વો મળીને થયું છે. 'જે પ્રકારે બ્રહ્માંડમાં આ પાંચ તત્વોના અસંતુલનથી પ્રલય, વિનાશનું વાતાવરણ બને છે, એ જ રીતે આપણાં શરીરમાં આ પાંચ તત્વોના અસંતુલનથી ઘણી શારીરિક–માનસિક બિમારીઓ થઈ શકે છે અને આપણું જીવન સંકટમાં આવી શકે છે.

વિદ્યાર્થીઓના વ્યસ્ત અભ્યાસક્રમ વચ્ચે યોગ પ્રયાન કેન્દ્રિત કરવામાં, તાણ નિયંત્રણમાં અને શારીરિક તંદુરસ્તી જાળવવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી જેવી સંસ્થાઓ દ્વારા દર વર્ષે યોગ દિવસના નિમિત્તે કાર્યક્રમો, યોગ વર્ગો અને જાગૃતિ અભિયાનનું આયોજન થતું રહે છે – જે વિદ્યાર્થીઓ તથા કર્મચારીઓ માટે સકારાત્મકતાનો સંદેશ આપે છે. યોગ વિશ્વના વિવિધ ભાગોના લોકો વચ્ચે શાંતિ, પ્રેમ અને સમૃદ્ધિ માટેનો સાધક બની રહ્યો છે. યોગ એ માત્ર શરીર માટેની કસરત નથી, પણ તે મન અને આત્માની શાંતિ માટેનું શ્રેષ્ઠ સાધન છે. યોગના નિયમિત અભ્યાસ દ્વારા માનવમાત્ર પોતાના આંતરિક તત્વો સાથે સુમેળ સાધી શકે છે. જીવનમાં આંતરિક શાંતિ, તંદુરસ્તી અને સંતુલન માટે યોગ અનિવાર્ય છે. યોગ અભ્યાસમાં વપરાતી ઘણી પદ્ધતિઓનો મુખ્ય હેતુ આ પાંચ તત્વોની શુદ્ધિ કરીને તેમનું સંતુલન સાધવાનું છે. યોગ માત્ર શારીરિક ક્રિયાઓ અથવા આસનો પૂરતો સીમિત નથી. યોગ એ આંતરિક શુદ્ધિ અને તત્વશક્તિઓના સંતુલન તરફનો માર્ગ છે. આ આંતરરાષ્ટ્રીય યોગ દિવસે આપણે સૌએ યોગને માત્ર એક દિવસ માટે નહી, પરંતુ જીવનશૈલીના ભાગ રૂપે અપનાવવાનો સંકલ્પ લઈએ. 'યોગ એ માત્ર શરીર માટે નહી, પણ મન અને આત્મા માટેનું યોગ્ય શિલ્પ છે'. આ યોગ દિવસે આપણે યોગને માત્ર એક દિવસ માટે મર્યાદિત ન રાખી, રોજિંદા જીવનમાં અપનાવીએ અને આંતરિક શાંતિ તરફ પ્રયાણ કરીએ.

**તા. ૧ જુલાઈ, ૨૦૨૫**

**(ડૉ. કિશોરસિંહ એન. ચાવડા)**
**કુલપતિશ્રી**

## વિશ્વવિદ્યાલય સમાચાર

### ફાયર સેફટી જાગૃત્તિ માટે મોકડ્રીલ અને તાલીમ








વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાના માર્ગદર્શન હેઠળ વિશ્વવિદ્યાલયના કર્મચારીઓને તારીખ ૦૬ જુન, ૨૦૨૫ના રોજ ફાયર સેફટી જાગૃત્તતા અંગે તાલીમ આપવામાં આવી હતી. તાલીમમાં સુરત મહાનગરપાલિકાના ફાયર વિભાગના તજજ્ઞશ્રીઓએ મોકડ્રીલ યોજી આગ લાગવાના જોખમ, તેના નિવારણ અને તાત્કાલિક બચાવની પદ્ધતિઓ અંગે વિસ્તૃત માહિતી આપી. તાલીમ દરમિયાન આગની જાતો (A, B, C, D) અને દરેક માટે યોગ્ય નિબંધની પદ્ધતિઓ, આગ લાગ્યાના સંકેતોની ઓળખ અને ત્વરિત લેવાનાં પગલાંઓ જેવી બાબતો પર પણ ભાર મૂકવામાં આવ્યો. ખાસ કરીને ધુમાડા વાળા વિસ્તારોમાં હવામાં કઈ દિશામાં ખસવું, ધમાકેદાર ચીજો કઈ રીતે દૂર કરવી વગેરે જેવા જટિલ પણ અગત્યના મુદ્દાઓને પણ સ્પષ્ટ કરવામાં આવ્યા.

આ તાલીમનો મુખ્ય ઉદ્દેશ છે કે કર્મચારીઓને આગથી બચવાની અને તાત્કાલિક સ્થિતિમાં કરવાના પગલાંઓ અંગે સમજ આપવી. આ તાલીમ સત્રમાં આગ લાગવાની સંભાવનાઓ, આગને નિયંત્રિત કરવાની રીતો અને આકસ્મિક બચાવ પદ્ધતિઓ અંગે માહિતી આપવામાં આવી હતી. તાલીમ દરમિયાન કર્મચારીઓને ફાયર એક્સિંટંગ્વિશર્સનો યોગ્ય ઉપયોગ, ધુમાડાથી બચવાની રીતો, હવાની દિશા અને ફાયર એલાર્મ સિસ્ટમની કામગીરી અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું. આ કાર્યક્રમથી કર્મચારીઓની સુરક્ષા જાગૃતતા વધશે અને તેઓ આગ જેવી આપત્તિઓ દરમિયાન વધુ સજાગ અને સક્ષમ બનશે.

### હિંદુ અધ્યયનના માધ્યમથી ભારતીય જ્ઞાન પરંપરાની દિશામાં તેજસ્વી ભવિષ્યનો અભ્યાસ




વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરતના સેન્ટર ફોર હિંદુ સ્ટડીઝ દ્વારા શૈક્ષણિક સત્ર ૨૦૨૫–૨૬ માટે હિંદુ અધ્યયન (M.A. in Hindu Studies)ના અનુસ્નાતક કોર્સમાં પ્રવેશ શરૂ કરવામાં આવ્યા છે. આ કોર્સ વિશ્વવિદ્યાલય ગ્રાન્ટ કમિશન (UGC) દ્વારા માન્ય છે તથા વર્ષ ૨૦૨૨થી યુજીસી–નેટ (UGC-NET)માં વિશિષ્ટ કોડ નં. ૧૦૨ હેઠળ સમાવિષ્ટ છે, જે આ વિષયની શૈક્ષણિક અને સંશોધનક્ષમ મહત્તાને ઉજાગર કરે છે.

❖ **વિષયની વિશિષ્ટતાઓ:**

હિંદુ અધ્યયન વિષયના અંતર્ગત વેદ, ઉપનિષદ, દર્શનશાસ્ત્ર, ધર્મશાસ્ત્ર, મંદિર પરંપરા, સંસ્કૃત સાહિત્ય, યોગ, આયુર્વેદ, જ્યોતિષ, મીમાંસા વગેરેનો વ્યાપક અભ્યાસ કરાવવામાં આવે છે. આ અભ્યાસક્રમ ભારતીય જીવનદૃષ્ટિને આધુનિક સંદર્ભમાં વૈજ્ઞાનિક દૃષ્ટિકોણથી સમજવા માટે માર્ગદર્શક બને છે.

❖ **કારકિર્દી અને રોજગારની તકો :**

- ઉચ્ચ શિક્ષણ અને સંશોધન: UGC-NET/JRF પાસ કરીને પીએચ.ડી. તથા સહાયક પ્રાધ્યાપક તરીકે કારકિર્દી.
- વિદેશ મંત્રાલય અને સંસ્કૃતિ મંત્રાલય: સંસ્કૃતિક દૂત કે ઇન્ડિયન કલ્ચરલ સેન્ટરમાં શિક્ષક તરીકે નિમણૂક.
- સિવિલ સેવા ક્ષેત્ર: UPSC/GPSC જેવી સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં ઉપયોગી વિષય.
- મિડીયા અને લેખન: અનુવાદક, લેખક, સંપાદક, ડોક્યુમેન્ટરી ફિલ્મ નિર્માતા તરીકે કારકિર્દી.
- ધર્મ અને આધ્યાત્મ: ધર્માચાર્ય અથવા આધ્યાત્મિક પ્રવકતા તરીકે કાર્ય.

- એનજીઓ અને થિંક ટેન્કઃ સંશોધન કે સલાહકાર તરીકે શૈક્ષણિક અને સામાજિક સંસ્થાઓમાં સ્થાન.

વિદ્યાર્થીઓ માટે આ અભ્યાસક્રમ માત્ર અભ્યાસ નહીં પરંતુ ભારતીય સંસ્કૃતિમાં છુપાયેલા મર્મને સમજવાની તક તથા રાષ્ટ્રીય–આંતરરાષ્ટ્રીય સ્તરે કારકિર્દીની નવી દિશાઓ માટે ઊંડાણપૂર્વકની તૈયારી આપે છે.

## ભગવાન બિરસા મુંડાજીની પુણ્યતિથિ નિમિત્તે વ્યાખ્યાન અને પુષ્પાંજલિ કાર્યક્રમ













વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરતના એસ.ટી.સેલ અને ભગવાન બિરસા મુંડા ચેરના સંયુક્ત ઉપક્રમે તા. ૦૯/૦૬/૨૦૨૫ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે ભગવાન બિરસા મુંડાજીની પુણ્યતિથિ નિમિત્તે વ્યાખ્યાન અને પુષ્પાંજલિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કાર્યક્રમના અધ્યક્ષ તરીકે કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા તથા ભગવાન બિરસા મુંડા ચેરના નોડલ અધિકારી ડૉ. મનિષ પટેલ, ભગવાન બિરસા મુંડા ચેરના સંયોજક શ્રી ગૌતમ આર. ગામિત, વિશ્વવિદ્યાલયના વહીવટી વિભાગના વડાશ્રીઓ, અનુસ્નાતક વિભાગના વડાશ્રીઓ, વહીવટી કર્મચારીઓ તથા વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટય સાથે કરવામાં આવી. કાર્યક્રમના અધ્યક્ષ તરીકે ઉપસ્થિત ડૉ. કિશોરસિંહ એન. ચાવડા દ્વારા પ્રસંગોચિત ઉદ્‌બોધન ઉપરાંત જનજાતિ સમુદાયના વીર વિશે વિદ્યાર્થીઓ અને સમાજને માહિતગાર કરવા વિશ્વવિદ્યાલય પરિસર તેમજ સંલગ્ન કૉલેજો ખાતે કાર્યક્રમો આયોજિત કરવા જણાવ્યું હતું. ભગવાન બિરસા મુંડા ચેરના નોડલ અધિકારી ડૉ. મનિષ પટેલ દ્વારા ભગવાન બિરસા મુંડાના જીવન અને તેમના સંઘર્ષ વિશે ટૂંકમાં માહિતી આપી હતી તથા કાર્યક્રમમાં ઉપસ્થિત રહેનાર તમામનો આભાર માન્યો હતો. કાર્યક્રમનું સંચાલન સેન્ટર ફોર ટ્રાયબલ સ્ટડીઝમાં રિસર્ચ આસિસ્ટન્ટ તરીકે કાર્યરત શ્રી વિહલ ગાંવિત દ્વારા કરવામાં આવેલ હતું.

## શ્રદ્ધાંજલિ કાર્યક્રમ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય દ્વારા અમદાવાદમાં થયેલી વિમાન દુર્ઘટનામાં અવસાન પામેલા ગુજરાત રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી સ્વ. વિજયભાઈ રૂપાણી તથા અન્ય તમામ મૃત્યુ પામેલા વ્યકિતઓની અવસાનની ઘટના ઉપર ઊંડો શોક વ્યકત કરવામાં આવ્યો હતો. વીર

નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી તેમજ વિશ્વવિદ્યાલય પરિવાર તરફથી હૃદય પૂર્વકની શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી તથા વિશ્વવિદ્યાલયના વિવિધ સત્તામંડળની સભામાં આ અંગેનો ઠરાવ પણ કરવામાં આવ્યો છે.

શોકસભામાં તમામ ઉપસ્થિતોએ બે મિનિટનું મૌન પાળી રાષ્ટ્રપ્રેમી અને જનસેવક તરીકે પોતાનું સમગ્ર જીવન સમર્પિત કરનાર સ્વ. વિજયભાઈ રૂપાણી તથા દુર્ઘટનામાં મૃત્યુ પામેલા તમામને ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

ઇશ્વર તમામ અવસાન પામેલ આત્માઓને શાંતિ આપે તથા તેમના પરિવારજનોને આ દુઃખદ ઘડીમાં ધૈર્ય અને શકિત આપે તેવી પ્રાર્થના સાથે સમગ્ર વિશ્વવિદ્યાલય પરિવારે પોતાની ઊંડી સહાનુભૂતિ વ્યકત કરી હતી.





## Department of Bioscience

### વૃક્ષારોપણ કાર્યક્રમ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના જીવવિજ્ઞાન વિભાગ દ્વારા તારીખ ૧૬મી જૂન, ૨૦૨૫ના રોજ એક સફળ અને પ્રેરણાદાયક વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં પ્રસિદ્ધ પર્યાવરણપ્રેમી તથા પંચતત્વ ફાઉન્ડેશનની સંસ્થાપિકા શ્રીમતી શિપ્રા પાઠક (જેઓ 'વોટર વુમન' તરીકે ઓળખાય છે) મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા.

આ વૃક્ષારોપણ કાર્યક્રમનું ઉદ્‌ઘાટન વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી, વિવિધ સ્નાતક/અનુસ્નાતક વિભાગોના વડાશ્રીઓ, અધ્યાપકશ્રીઓ, સંશોધકો અને વિદ્યાર્થીઓની વિશિષ્ટ ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું. ૫૦ થી વધુ ઉપસ્થિતોએ સ્થાનિક અને ઔષધીય વૃક્ષોના રોપાણમાં સક્રિય ભાગ લીધો અને પર્યાવરણ સુરક્ષા પ્રત્યે પોતાની પ્રતિબદ્ધતા દર્શાવી.

શિપ્રાજી પાઠક દ્વારા સિંદુરનું વૃક્ષ રોપાઈને કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી. તેમણે પર્યાવરણની અભિયાનોમાં મહિલાઓની ભાગીદારીની મહત્વ પર ભાર મૂકી 'શકિત' તરીકે મહિલાઓને આગળ આવવાની અપીલ કરી. કુલપતિશ્રીએ તથા કુલસચિવશ્રીએ પણ વૃક્ષારોપણ કરીને અને ઉપસ્થિત સાથે સંવાદ સાધી પ્રકૃતિપ્રેમના આ યજ્ઞમાં યથાશકિત યોગદાન આપ્યું.

ત્યારબાદ ડૉ. ફર્જીન પરાબિયા, શ્રી બાપાલાલ વૈદ્ય બોટનિકલ રિસર્ચ સેન્ટરના ફેકલ્ટી–ઇન–ચાર્જે શિપ્રાજીને જીવવિજ્ઞાન વિભાગના બોટનિકલ મ્યુઝિયમ અને અર્બેરિયમની મુલાકાતે લઈ ગયા, જ્યાં વિશ્વવિદ્યાલયની ઔષધિય અને વનસ્પતિ સંદર્ભે ચાલતી વિવિધ સંશોધન પ્રવૃત્તિઓ અને સુવિધાઓનું દર્શન કરાવવામાં આવ્યું.

શિપ્રાજી પાઠક સાથે વિદ્યાર્થીઓ અને અધ્યાપકો માટે એક જાણકારીસભર સંવાદ કાર્યક્રમ યોજાયો. તેમણે "નર્મદે હર"ના નાદ સાથે વાતચીત શરૂ કરી અને શાશ્વત અને આધ્યાત્મિક સંદેશ આપ્યો. તેમણે નદી પુનરુત્થાન, પાણીના સંરક્ષણ, તથા પંચતત્વ ફાઉન્ડેશન દ્વારા ચલાવવામાં આવતા નદી સ્વચ્છતા અભિયાનો તથા જળ સંસાધન વ્યવસ્થાપનના વિવિધ પ્રયત્નોની વિગતો ઉપસ્થિતોને આપી.

કાર્યક્રમનો અંત શિપ્રાજી પાઠકની પ્રેરણાદાયક પ્રવૃતિઓથી પ્રેરાઈ, પૃથ્વીને હરિયાળી બનાવવા માટે સામૂહિક પ્રતિજ્ઞા સાથે કરવામાં આવ્યો હતો. જીવવિજ્ઞાન વિભાગ દ્વારા તમામ ઉપસ્થિત મહેમાનો અને સહભાગીઓનો આભાર વ્યકત કરી કાર્યક્રમને સફળતાપૂર્વક સમાપ્ત કરવામાં આવ્યો.
















## Department of Statistics

## Celebration 19th National Statistics Day By Conducting 5th Online Quiz 2025



**Department of Statistics**
Veer Narmad South Gujarat University, Surat
( Re- Accredited 'B++' 2.86 CGPA by NAAC)
is organizing
**5th Online Quiz 2025**

**19th National Statistics Day ( 29th June 2025 )**
**on the Birth Anniversary of**
**Prof. Prasanta Chandra Mahalanobis**

Dear All,

The Department of Statistics, Veer Narmad South Gujarat University, Surat is conducting the 5th **Online Quiz** as a part of the National Statistics Day Celebration on the **29th June 2025**.

- **No Registration fees**
- On successful completion of the Quiz, participants scoring **50%** and above will receive an **e-certificate** through e-mail address.
- **Event Date**: **29th June 2025 (12.00 am to 12.00 pm)**

| Quiz Type | Eligible Students | Quiz Link |
|---|---|---|
| Junior Level | Student of Class 8, 9 &10 | https://forms.gle/4rSbGohFtzmsVQfbA |
| | Student of Class 11 & 12 | https://forms.gle/6tnibmrWnnWPsnjt7 |
| Senior Level | Student of UG & PG Program (2025-26) | https://forms.gle/3ouX2BUyJX6sBxQC8 |

**Great News: Now as per NEP 2020 any one can do M. Sc. (Statistics) or M. Sc. (Applied Statistics) at our department. For eligibility check link: https://www.vnsgu.ac.in/departments/statistics/index.html**

**Dr. Shital S. Patel** Organizing Secretary
**Dr. Arti. J. Rajyaguru** Convener
**Dr. R. C. Gadhvi** Registrar
**Dr. K. N. Chavda** Vice Chancellor

More about the Department of Statistics:
https://www.vnsgu.ac.in/departments/statistics/index.html,https://www.facebook.com/profile.php?id=100006747195824, https://www.instagram.com/statisticsdepartment.vnsgu/, https://www.vnsgu.ac.in/departments/statistics/testimonials.html, https://youtu.be/FFM5FoCGYtI?feature=shared,https://www.instagram.com/reel/DKL6ZZLuCrn/?utm_source=ig_web_copy_link&igsh=MXgwbmswZGlmYm51cQ==

**Contact:**
Department of Statistics, Veer Narmad South Gujarat University
Surat-395007, (Gujarat) INDIA
Contact: 0261-223110, Email: quizstatistics@vnsgu.ac.in

Department of Statistics celebrated 19th National Statistics Day (29th June 2025) on the birth anniversary of Prof. Prasanta Chandar Mahalanobis with 5th online quiz 2025. The department has been celebrating the statistics day, to popularize the use of statistics in everyday life and sensitize public on how statistics helps shaping and framing policies for the welfare of people. It is celebrated every year on the birth anniversary of Prof. P. C. Mahalanobis, on 29th June since 2007, in recognition of his invaluable contribution in establishing the National Statistical System.

On this occasion, the department conducted its 5th National Online Quiz – 2025, which saw enthusiastic participation from 925 students across the country, including 120 from classes 8 to 10, 291 from classes 11 & 12, and 514 from undergraduate and postgraduate courses. Students from a wide range of academic backgrounds—Arts, Science, Commerce, Computer Science and more, participated actively. Notably, 713 students scored above 50% and received e-certificates. The quiz attracted responses from multiple towns and cities within Gujarat and from other states, making it a truly national event and showcasing the growing interest in statistics as a vital academic and analytical discipline.

We would like to thank our honorable vice chancellor Dr. K. N. Chavda sir for inspiring us to organize this quiz. We are also very thankful to our registrar Dr. R. C. Gadhvi for permitting to organize quiz. Department thanks all the well wishers from school teachers and college teachers who circulated this quiz poster with their students.

## Department of Biotechnology

### ચાર દિવસીય ઓરિએન્ટેશન કાર્યક્રમ

વિશ્વવિદ્યાલયના બાયોટૅક્નૉલૉજી વિભાગ ખાતે તા. ૩૦/૬/૨૦૨૫ના રોજ બી.એસસી. બાયોટૅક્નૉલૉજી, માઇક્રોબાયોલોજી, ફૂડ ટૅક્નૉલૉજી માં નવા પ્રવેશ લીધેલા સેમેસ્ટર–૧ના વિદ્યાર્થીઓ માટે ચાર દિવસીય 'ઓરિએન્ટેશન કાર્યક્રમ' યોજાયો હતો. કાર્યક્રમનો ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓને વિશ્વવિદ્યાલય તથા વિભાગમાં ઉપલબ્ધ અભ્યાસક્રમો અને સુવિધાઓ વિશે માહિતગાર કરવાનો હતો.

કાર્યક્રમ દરમિયાન કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાએ માર્ગદર્શન આપ્યું હતું. ખાસ આમંત્રિત ડૉ. દક્ષા સખિયા (મેનેજર (HRD), GSBTM), વિભાગ અધ્યક્ષ ડૉ. ગૌરવ શાહ, સેમ.–૧ માઈક્રોબાયોલોજીના કાઉન્સિલર ડૉ. ચિરાગ પ્રજાપતિ, બાયોટૅક્નૉલૉજી કાઉન્સિલર ડૉ. અંબિકા અર્કટકર, ફૂડ ટૅક્નૉલૉજીના કાઉન્સિલર ડૉ. માનસી મહેતા તથા વિભાગના અધ્યાપકોએ હાજરી આપી હતી. ઉપરાંત શૈક્ષણિક, બિનશૈક્ષણિક સ્ટાફ, વિદ્યાર્થીઓ અને વાલીઓ સહિત કુલ ૯૪ ઉપસ્થિતોનું સદભાગ્ય પ્રાપ્ત થયું હતું.

કાર્યક્રમનું સંચાલન શ્રીમતી ચંદા ઉપાધ્યાયે કર્યું હતું, જેમણે પ્રથમ દિવસે સૌનું સ્વાગત અને અભિવાદન કર્યું હતું. ઉદ્‌ઘાટન સમારંભ સવારે ૧૧:૩૦ કલાકે શરૂ થયો હતો જ્યાં વિભાગ અધ્યક્ષ ડૉ. ગૌરવ શાહે મહેમાનોનું સ્વાગત કર્યું અને બાયોટૅક્નૉલૉજીના ૨૦માં, માઇક્રોબાયોલોજીના ૯માં તથા ફૂડ ટૅક્નૉલૉજીના પહેલા બેચને ઉત્સાહભેર સંબોધિત કર્યા હતા. તેમણે ઓરિએન્ટેશન કાર્યક્રમનો હેતુ અને ભાવિ કારકિર્દી માટેના અવસરો અંગે માર્ગદર્શન આપ્યું હતું.

ડૉ. દક્ષા સખિયાએ, વિદ્યાર્થીઓને તેમના કોર્સ અને સ્ટાફના જ્ઞાનનો સંપૂર્ણ લાભ લેવા તથા 'જીવનમાં કંઈક બનવું એ એક યાત્રા છે' એ ઉલ્લેખ કરી ધીરજપૂર્વક આગળ વધવા સૂચન કર્યું હતું.

આ પ્રસંગે બાયોટૅક્નૉલૉજી વિભાગ અને ભૂમા રિસર્ચ ઇન આયુર્વેદિક એન્ડ હર્બલ મેડિસિન્સ (BARHM) વચ્ચે NEP 2020 અંતર્ગત ઇન્ટર્નશીપ અને ટ્રેનિંગ માટે સમજુતીનામું (MoU) પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા તથા ટ્રસ્ટીશ્રી ડૉ. ભાસ્કર વાખારિયાની હાજરીમાં આ MoU કરી હસ્તાક્ષર કરાયા હતા જેના થકી વિદ્યાર્થીઓને સંશોધન ક્ષેત્રે લાભ મળી શકે. કુલપતિશ્રીએ તેમના પ્રેરણાદાયક ઉદબોધનમાં શિક્ષકોની ભૂમિકા અને વિદ્યાર્થીઓના ભાવિ ઘડવામાં તેમનું મહત્વ સ્પષ્ટ કર્યું અને દિલથી અભ્યાસ કરવાની દિશામાં વિદ્યાર્થીઓને પ્રેરણા આપી. ડૉ. અંબિકા અર્કટકરે શૈક્ષણિક અને બિનશૈક્ષણિક સ્ટાફનો પરિચય આપ્યો અને તેમના ફરજો વિષે માહિતી આપી. ડૉ. માનસી મહેતાએ માતા–પિતાને માટે પેરેન્ટ્સ એસોસિયેશન જૂથની મહત્તા વિશે માહિતી આપી અને ભાવિ સંચાર માટે એક અધિકૃત ઇ–ગ્રુપની રચના કરાઈ. ડૉ. અંબિકા અર્કટકરે ઉદ્‌ઘાટન સત્રના અંતે આભારવિધી દ્વારા તમામ મહેમાનો, વાલીઓ અને વિદ્યાર્થીઓનો આભાર વ્યક્ત કર્યો અને આગામી કાર્યક્રમની રૂપરેખા વિશે માહિતગાર કર્યા.











## મહાવિદ્યાલય સમાચાર

### જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલી.

### ભગવાન બિરસા મુંડાજીની પુણ્યતિથી નિમિત્તે પુષ્પાંજલિ કાર્યક્રમ



જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીનાં આચાર્યશ્રી ડૉ. સેજલબેન એ. દેસાઈના માર્ગદર્શન હેઠળ તા. ૯/૬/૨૦૨૫ને સોમવારના રોજ ભગવાન બિરસા મુંડાજીની પુણ્યતિથી નિમિત્તે પુષ્પાંજલિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સર્વ સ્ટાફ સભ્યો અને વિદ્યાર્થીઓએ ભગવાન બિરસા મુંડાજીએ પુષ્પાંજલિ અર્પણ કરી તેમના જીવન ચરિત્રને સ્મરણ કર્યા હતા.

### અમદાવાદ વિમાન દુર્ઘટનામાં જીવ ગુમાવનાર લોકોને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી



જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીનાં આચાર્યશ્રી ડૉ. સેજલબેન એ. દેસાઈના માર્ગદર્શન હેઠળ તા. ૧૨/૬/૨૦૨૫ને ગુરુવારના રોજ અમદાવાદ વિમાન દુર્ઘટનામાં મૃત્યુ પામેલા લોકોના પરિવાર પ્રત્યે સંવેદના વ્યકત કરી. ઇજાગ્રસ્ત લોકોના બચાવ માટે ભગવાનને પ્રાર્થના કરવામાં આવી તથા આ વિમાન દુર્ઘટનામાં જીવ ગુમાવનાર લોકોનાં સદ્‌ગત આત્માની શાંતિ માટે શાંતિ પ્રાર્થના કરી બે મિનિટનું મૌન પાળવામાં આવ્યું હતું.

### આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી



જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીનાં આચાર્યશ્રી ડૉ. સેજલબેન એ. દેસાઈના માર્ગદર્શન હેઠળ તા. ૨૧/૬/૨૦૨૫ને શનિવારના રોજ અગિયારમા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. યોગ સંગમ દ્વારા આયોજિત કાર્યક્રમમાં સવારે ૬:૩૦ કલાકે અમરોલી કૉલેજના સમગ્ર સ્ટાફ સભ્યો તેમજ એન.એસ.એસ સ્વયંસેવકો સેવકો, માધવબાગ વિદ્યાભવન, એચ.એચ.ગજેરા સ્કૂલ, વી.બી. શાહ કોમર્સ કૉલેજના એન.સી.સી. કેડેટ્સ અને સ્પોર્ટ્સના વિદ્યાર્થીઓ મળી કુલ ૧૫૫ જેટલા અમરોલી કૉલેજ પરિવારના સભ્યો વર્ચ્યુલ માધ્યમથી સહભાગી થયા હતા. યોગ સંગમ કાર્યક્રમ બાદ મુખ્ય યોગ પ્રશિક્ષકો કિરણ કાકલોતર અને જીજ્ઞા હડિયાએ ઉપસ્થિત રહી યોગાનું માર્ગદર્શન આપી યોગાના સ્ટેપ દર્શાવ્યા હતા. તે પ્રમાણે સૌએ યોગા અને વિવિધ આસનો કર્યા હતા. કાર્યક્રમના મુખ્ય મહેમાન તરીકે એસ.પી.બી. હાઈસ્કૂલના આચાર્ય કેયુરભાઈ શર્મા ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના સંયોજક ડૉ. રુસ્તમ એન. સદરી અને સહ–સંયોજક પ્રો. ડૉ. સોનલ પી. જરીવાલા દ્વારા સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંચાલન કરવામાં આવ્યું હતું. નિયમિત યોગ કરવાની પ્રતિજ્ઞા અને રાષ્ટ્રગાન કરી સૌ છૂટા પડયા હતા.

### પ્રથમ વર્ષનાં વિદ્યાર્થીઓ માટે ઓરિએન્ટેશન કાર્યક્રમ



જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીનાં આચાર્યશ્રી ડૉ. સેજલબેન એ. દેસાઈના માર્ગદર્શન હેઠળ પ્રથમ વર્ષ બી.કોમ. અને બી.એ.નાં વિદ્યાર્થીઓ માટે ઓરિએન્ટેશન કાર્યક્રમનું

આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થના અને અમરોલી કૉલેજ ગીતથી કરવામાં આવી હતી. મુખ્ય મહેમાન તરીકે જીવન જ્યોત ટ્રસ્ટના માનદ્ મંત્રીશ્રી અશ્વિનભાઈ પટેલ હાજર રહ્યા હતા. આચાર્યશ્રી ડૉ. સેજલ એ. દેસાઈએ મહેમાનો અને નવા પ્રવેશ મેળવેલા વિદ્યાર્થીઓને શાબ્દિક આવકાર કર્યો હતો અને કોર્સ આઉટકમ અને પ્રોગ્રામ આઉટકમ વિશેની સમજ આપી હતી. વિદ્યાર્થીઓને કૉલેજની વેબસાઈટ, કૉલેજના શૈક્ષણિક અને બિનશૈક્ષણિક સ્ટાફ સભ્યોની માહિતી આપી નવી શિક્ષણ નીતિ અંતર્ગત કયા વિષય અભ્યાસ કરવાના થશે તેમની ક્રેડીટ તથા પાસ થવા માટે જરૂરી માર્કસ અંગે વિદ્યાર્થીઓને અવગત કરાવ્યા હતા. માનદ્ મંત્રીશ્રી અશ્વિનભાઈ પટેલે પ્રસંગોચિત ઉદબોધન આપ્યું હતું. આ ઉપરાંત વિદ્યાર્થીઓને સ્પર્ધાત્મક પરીક્ષાઓની તાલીમ અંગે પણ જાણકારી આપવામાં આવી છે. અંતે સૌ રાષ્ટ્રગાન કરી છુટા પડયા હતા. આ સમગ્ર કાર્યક્રમમાં કૉલેજના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક સ્ટાફ સભ્યો હાજર રહ્યા હતા.

## પ્રો.વી.બી.શાહ ઈન્સ્ટિટયૂટ ઓફ મૅનેજમૅન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઓફ કોમર્સ, વી.એલ.શાહ કૉલેજ ઓફ કોમર્સ, સુટેક્ષ બેંક કૉલેજ ઓફ કમ્પ્યૂટર એપ્લિકેશન એન્ડ સાયન્સ, અમરોલી.

### વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી




જીવન જ્યોત ટ્રસ્ટ અમરોલી સંચાલિત પ્રો.વી.બી. શાહ ઇન્સ્ટીટયૂટ ઓફ મૅનેજમૅન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઓફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કૉલેજ ઓફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક કૉલેજ ઑફ કમ્પ્યુટર એપ્લીકેશન એન્ડ સાયન્સ અમરોલીમાં તા. ૫/૬/૨૦૨૫નાં રોજ 'વિશ્વ પર્યાવરણ દિવસ'નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં NCC કેડેટ્સ, NSS સ્વયંસેવકો, વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમનો હેતુ લોકોમાં પર્યાવરણ પ્રત્યે જાગૃતિ લાવવાનો અને તેમને પ્લાસ્ટિકનો ઉપયોગ ન કરવાનો તેમજ વૃક્ષો વાવવાનો હતો. કાર્યક્રમમાં આચાર્યશ્રી ડૉ. મુકેશ ગોયાણી, NCC ઑફિસર સીટીઓ ડૉ. અનિલા પિલ્લાઈ અને NSS કૉ–ઓર્ડિનેટર પ્રા. જ્યોતિકા ટેલર જોડાયા હતા. આ કાર્યક્રમ આચાર્ય ડૉ. મુકેશ ગોયાણીનાં માર્ગદર્શન હેઠળ કૉલેજ અને 6 GUJ GIRLS BN NCC અને NSSની વિદ્યાર્થીનીઓનાં સહયોગથી સફળતા પૂર્વક પૂર્ણ થયું હતું.

### ગૌરવ



જીવન જ્યોત ટ્રસ્ટ અમરોલી સંચાલિત પ્રો.વી.બી. શાહ ઇન્સ્ટીટયૂટ ઓફ મૅનેજમૅન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઓફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કૉલેજ ઓફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક કૉલેજ ઑફ કમ્પ્યુટર એપ્લીકેશન એન્ડ સાયન્સ અમરોલીના વિદ્યાર્થી ગુજરાત રાજ્ય તરફથી ૫માં રોલ બોલ ફેડરેશન કપ (નેશનલ)૨૦૨૫ તા. ૧૨ થી ૧૪ જૂન ૨૦૨૫નાં રોજ ઝારખંડના રાંચીના ખેલગાંવ હોતવારના તાના ભગત ઇન્ડોર સ્ટેડિયમ ખાતે આયોજિત પ્રતિસ્પર્ધામાં ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં કૉલેજનો વિદ્યાર્થી TYBCA-2માં અભ્યાસ કરતા શ્રી રાશિયા યશ અનિલભાઈએ ગુજરાતનું કેપ્ટન તરીકે પ્રતિનિધિત્વ કર્યું હતું. ૫મો રોલ બોલ ફેડરેશન કપ–૨૦૨૫માં ગુજરાતની ટીમ રનર્સ અપ બની હતી. મેદાન પર તેમના સમર્પણ, કૌશલ્ય અને નેતૃત્વએ કૉલેજ અને ગુજરાત રાજ્યને ખૂબ જ ગર્વ અનુભવ્યો છે. કૉલેજનું ગૌરવ વધારવા બદલ કૉલેજના સ્પોર્ટ ટીચર/કોચ ડૉ. પ્રદીપકુમાર લેન્કા, આચાર્ય ડૉ. મુકેશ આર. ગોયાણી તેમજ શૈક્ષણિક અને વહીવટી સ્ટાફ તથા જીવન જ્યોત ટ્રસ્ટનાં ટ્રસ્ટી તરફથી હાર્દિક અભિનંદન પાઠવવામાં આવ્યા હતાં. આ પ્રશંસનીય કામ માટે જીવન જ્યોત ટ્રસ્ટનાં પ્રમુખશ્રી ભરતભાઈ શાહ, મંત્રીશ્રી અશ્વિનભાઈ પટેલ તેમજ અનુજભાઈ શાહ, કૉલેજનાં આચાર્ય ડૉ. મુકેશભાઈ ગોયાણી, ડૉ. પ્રદીપકુમાર લેન્કાએ અભિનંદન પાઠવ્યા હતાં.

## એ.વી.પટેલ કોમર્સ કૉલેજ, બીલીમોરા.

### વિશ્વ યોગ દિવસની ઉજવણી

બીલીમોરા વિભાગ કેળવણી મંડળ સંચાલિત એ.વી. પટેલ કોમર્સ કૉલેજ બીલીમોરા દ્વારા એન.સી.સી. અને એન. એસ.એસ.ના સંયુકત ઉપક્રમે તથા શિક્ષણ વિભાગ ગુજરાત સરકારના આદેશ મુજબ તારીખ ૨૦ જૂન, ૨૦૨૫ના રોજ કોમન યોગા પ્રોટોકોલનો અભ્યાસ કૉલેજના વિદ્યાર્થીઓને કરાવવામાં આવ્યો હતો. તારીખ ૨૧મી જૂન ૨૦૨૫ના રોજ ૧૧માં વિશ્વ યોગ દિવસની ઉજવણી અંતર્ગત સામુહિક યોગ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના ઉદ્‌બોધનને વિદ્યાર્થીઓને ઓનલાઈન બતાવવામાં આવ્યું હતું. દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના ઉદ્‌બોધનને વિદ્યાર્થીઓને ઓનલાઈન બતાવવામાં આવ્યું

હતું. આ સાથે યોગ ટ્રેનર ટેલર નમસ્વી દ્વારા યોગ અભ્યાસ કરાવવામાં આવ્યું હતું. યોગ માર્ગદર્શિકામાં દર્શાવ્યા અનુસાર વિવિધ કસરતો યોગ આસનો મુદ્રા કરાવવામાં આવી હતી. આ કાર્યક્રમમાં કૉલેજના ઇન્ચાર્જ આચાર્ય ડૉ. સોનલબેન વસાવા તથા કૉલેજના અધ્યાપકો અને વિદ્યાર્થીઓ તથા બિનશૈક્ષણિક કર્મચારીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા. આમ એ.વી.પટેલ કોમર્સ કૉલેજ દ્વારા યોગ દિવસની સફળ ઉજવણી કરવામાં આવી હતી આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન યોગા ડે કૉ-ઓર્ડિનેટર ડૉ. ભાવેશ પચ્ચીગર તેમજ પ્રોફેસર પૂજા વાઘેલા દ્વારા કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમ ઇન્ચાર્જ આચાર્ય ડૉ. સોનલબેન વસાવાના માર્ગદર્શન હેઠળ સફળતાપૂર્વક પૂર્ણ થયો હતો.




## નવયુગ કોમર્સ કૉલેજ, સુરત.

### વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે 'પર્યાવરણ જાગૃતિ' કાર્યક્રમ




નવયુગ કોમર્સ કૉલેજ, સુરતના NSS યુનિટ દ્વારા આચાર્યશ્રી ડૉ. વિનોદભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ તા. ૦૫/૦૬/૨૦૨૫ના રોજ વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે 'પર્યાવરણ બચાવો-ભવિષ્ય બચાવો' થીમ સાથે 'ઘરે રહીને પર્યાવરણ જાગૃત્તિ' વિષયક વિવિધ પ્રવૃત્તિઓ યોજવામાં આવી હતી. વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવેલી મુખ્ય પ્રવૃત્તિઓ: વિદ્યાર્થીઓએ ઘરે રહીને છોડ, વાવ્યા, પક્ષીઓ માટે પાણી અને અનાજ મૂકયા, પર્યાવરણ સંબંધી ચિત્રો અને પોસ્ટર બનાવ્યા, ઘરની આસપાસ સફાઈ કરી તેમજ જૂના કપડાંમાંથી થેલા બનાવ્યા વગેરે જેવી પ્રવૃત્તિઓ કરવામાં આવી હતી. આ પ્રવૃત્તિમાં મોટી સંખ્યામાં NSS વોલન્ટિયર્સે ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને પોતાનું યોગદાન નોંધાવ્યું હતું. દરેક વિદ્યાર્થીઓએ પોતાની પ્રવૃત્તિ અંગેના ફોટોગ્રાફ મોકલી NSSના કાર્યમાં સહભાગી બનવાની ભાવના દર્શાવી હતી. આ કાર્યક્રમનો ઉદ્દેશય વિદ્યાર્થીઓમાં પર્યાવરણ પ્રત્યે જાગૃતિ, જવાબદારી અને સાચવણીની ભાવના વિકસિત કરવાનો હતો.

વિશેષ નોંધ એ લેવાની કે વિદ્યાર્થીઓએ કૉલેજ આવ્યા વિના, ઘરે રહીને સંપૂર્ણ ભાવનાપૂર્વક પર્યાવરણ માટે સર્જનાત્મક અને નોંધપાત્ર યોગદાન આપ્યું. આ પરથી એ સંદેશ મળે છે કે પર્યાવરણની સાચી સેવા માટે મોટો મંચ કે ભીડ જરૂરી નથી - નાનાં પ્રયત્નો પણ મોટી અસર ઊપજાવે છે. જ્યારે ઘરમાંથી શરૂ થતું એક નાનું પગલું પ્રકૃતિ માટે પ્રેમ અને જવાબદારીનું ઉદાહરણ બની જાય છે, ત્યારે એજ સાચી રીતે પર્યાવરણ દિવસની ઉજવણી ગણી શકાય.

### વિશ્વયોગ દિવસ નિમિત્તે યોગ અભ્યાસનું આયોજન



નવયુગ કોમર્સ કૉલેજ, સુરત ખાતે તારીખ ૨૧ જૂન, ૨૦૨૫ના રોજ સવારે ૭:૦૦ કલાકે રાષ્ટ્રીય સેવા યોજના અને રમત ગમત વિભાગના સંયુકત ઉપક્રમે ૧૧માં વિશ્વયોગ દિવસ નિમિત્તે યોગ અભ્યાસનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે યોગ શિક્ષક શ્રી અનિલભાઈ મૈસુરિયાએ વિદ્યાર્થીઓ અને સ્ટાફ સભ્યોને યોગના વિવિધ આસનો કરાવ્યા અને યોગના આધ્યાત્મિક તથા શારીરિક લાભોની સમજ આપતા યોગનું મહત્વ વિસ્તૃત રીતે સમજાવ્યું હતું. આ કાર્યક્રમનું સંચાલન કૉલેજના આચાર્યશ્રી ડૉ. વિનોદભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ NSS પ્રોગ્રામ ઓફિસર ડૉ. અંકિતા ઝાડેશ્વરીયા અને શારીરિક શિક્ષણના પ્રા. છગનભાઈ અસારીયા કર્યું હતું. કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત તમામને યોગ દ્વારા આરોગ્યમય જીવન શૈલી અને મનની શાંતિ પ્રાપ્ત કરવાની પ્રેરણા મળી. વિદ્યાર્થીઓ તેમજ સ્ટાફ સભ્યોની ઉમંગભેર હાજરીએ કાર્યક્રમને સફળતાપૂર્વક પૂરો કર્યો.

### ઓરિએન્ટેશન કાર્યક્રમ

નવયુગ કોમર્સ કૉલેજ, સુરત ખાતે પ્રથમ વર્ષ બી.કોમ.ના વિદ્યાર્થીઓ માટે ઓરિએન્ટેશન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કૉલેજના આચાર્યશ્રી ડૉ. વિનોદભાઈ પટેલે કાર્યક્રમની શરૂઆતમાં વિદ્યાર્થીઓનું હાર્દિક સ્વાગત કરી શુભકામનાઓ આપી હતી. કાર્યક્રમ દરમિયાન સાંસ્કૃતિક સમિતિના ડૉ. નયના સુરેજા દ્વારા વર્ષ દરમિયાન યોજવામાં આવનાર વિવિધ કાર્યક્રમો વિશે સંક્ષિપ્ત પરિચય આપવામાં આવ્યો હતો. એન.એસ.એસ.ના પ્રોગ્રામ

ઓફિસર ડૉ. રૂપેશ દવે દ્વારા એન.એસ.એસ. યુનિટ તથા તેમાં ચાલતી વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓની માહિતી પૂરી પાડવામાં આવી હતી અને એન.એસ.એસ. યુનિટ તથા તેમાં ચાલતી વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓની માહિતી પૂરી પાડવામાં આવી હતી અને એન.એસ.એસમા જોડાવા માટે આહ્વાન કર્યું હતું. આ સાથે IQAC ડિરેક્ટર ડૉ. બિંદુ શાહ દ્વારા કૉલેજની વિવિધ શૈક્ષણિક, સહપાઠ્ય પ્રવૃત્તિઓ અને ગુણવત્તા વિકાસ માટેના આયોજન અંગે માહિતી આપી હતી. આપણી ભારતીય સંસ્કૃતિ પ્રમાણે, ચોકલેટ આપી મોઢું મીઠું કરાવી નવા પ્રવેશ લેનાર વિદ્યાર્થીઓનું સ્વાગત કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંચાલન એકાઉન્ટન્સી વિભાગના વડાશ્રી ડૉ. બ્રિજેશભાઈ પટેલ દ્વારા સફળતાપૂર્વક પૂર્ણ થયું હતું.




## C. N. Kothari Homoeopathic Medical College & Research Centre, Vyara.

### World Environment Day Celebration-2025




World Environment Day, celebrated annually on June 5th, is a global platform for raising awareness and encouraging action for the protection of the environment. This year, C.N. Kothari Homoeopathic Medical college and Research center observed the day with great enthusiasm and a sense of responsibility toward nature. Tree plantation was carried out by Ranker students of 1st and 3rd BHMS at herbarium garden of college campus. Students and staff of college took part in this event. This whole program was carried out by Dr. Dhruni Gavli and team under guidance of Principal Dr. Jyoti Rao.

### વિશ્વ રકતદાતા દિવસ ઉજવણી




તા. ૧૪ જૂન ૨૦૨૫ના રોજ, સી.એન.કોઠારી હોમિયોપેથિક મેડિકલ કૉલેજ અને રિસર્ચ સેન્ટર, વ્યારા દ્વારા 'વિશ્વ રકતાદાતા દિવસ' ઉજવવામાં આવ્યો. રકતદાન અંગે જાગૃતિ ફેલાવવા માટે કૉલેજના દરેક વર્ગખંડને પ્રતિજ્ઞા લેવાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં તમામ વર્ષના વિદ્યાર્થીઓ અને સ્ટાફે ખૂબ જ ઉત્સાહભેર ભાગ લઈ 'રકત આપો, આશા આપો, સાથે મળીને આપણે જીવન બચાવીશું'ની પ્રતિજ્ઞા લીધી હતી. આ સમગ્ર કાર્યક્રમનું સંકલન ડૉ. ધ્રુણી ગવળી અને પ્રિન્સિપાલ ડૉ. જ્યોતિ રાવના માર્ગદર્શન હેઠળ ટીમ દ્વારા કરવામાં આવ્યું હતું.

### World Yoga Day Theme - Yoga for One Earth, One Health

On the occasion of World Yoga Day celebrtion our college C. N. Kothari College and Research Centre planned Yoga session for students and all faculty members which was arranged by activity committee in coordination with Naturopathy and Yoga department to Yoga for One Earth, One Health. In this event all students from 1st, 2nd, 3rd and 4th BHMS participate with all teaching and non teaching staff. This session was conducted by Dr Jyoti Shukla (BNYS) Naturopath & Yoga expert. The whole program was done under the guidance of Principal Dr Jyoti Rao in coordination with Activity Committee and Yoga and Naturopathy Department.



## અગ્રવાલ વિદ્યાવિહાર ઈંગ્લિશ મીડીયમ કૉલેજ, સુરત.

### ઓરીએન્ટેશન પ્રોગ્રામ



અગ્રવાલ વિદ્યાવિહાર ઈંગ્લિશ મીડિયમ કૉલેજમાં પ્રથમ વર્ષના B.A, B.B.A., અને B.Com.ના વિદ્યાર્થીઓ માટે ઓરીએન્ટેશન તેમજ એન્ટી રેગિંગ પ્રોગ્રામ કૉલેજ ફેકલ્ટીઓ દ્વારા યોજાયો. જેમાં વિદ્યાર્થીઓને વિવિધ વિષયો અને એન્ટી–રેગિંગ વિશે માહિતી આપવામાં આવી હતી અને રેગિંગ ન કરવા માટે જાગૃતિ આપવામાં આવી હતી. જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ ઉપક્રમે અગ્રવાલ કૉલેજના મુખ્ય સલાહકાર ડૉ. યુ.ટી. દેસાઈ, ઇન્ચાર્જ પ્રિન્સિપાલ ડૉ. ગૌતમ દુઆ અને કૉલેજના પ્રાધ્યાપકો ઉપસ્થિત રહ્યા હતા.

## વિમલ ટોરમલ પોદ્દાર બી.સી.એ.કોલેજ, પાંડેસરા, સુરત.

### ઓરિએન્ટેશન કાર્યક્રમ



શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ સંચાલિત વિમલ ટોરમલ પોદ્દાર બી.સી.એ.કૉલેજ, પાંડેસરા ખાતે તા.૧૯/૬/૨૦૨૫ના રોજ પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓના સ્વાગત માટે ઓરિએન્ટશન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં સંસ્થાના વ્યવસ્થાપક શ્રી ચંદ્રકાંતભાઈ શાહ, બીસીએ કૉલેજના પ્રધાન આચાર્ય ડૉ. ચેતનભાઈ રાઠોડ અને બીસીએ કૉલેજના તમામ શિક્ષક ગણ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં ૧૫૦ જેટલા વિદ્યાર્થીઓએ હાજરી આપી હતી. કાર્યક્રમમાં વિદ્યાર્થીઓનું સ્વાગત ભારતીય પરંપરા મુજબ તિલક અને પ્રસાદથી કરવામાં આવ્યું. કાર્યક્રમનું સંપૂર્ણ આયોજન કૉલેજના પ્રા. પિનલ સોલંકી અને પ્રા. આરતી જરીવાલા દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓને સંસ્થા તેમજ કૉલેજનો પરિચય આપવામાં આવ્યો હતો તથા કૉલેજના ટ્રસ્ટીગણનો પરિચય આપવામાં આવ્યો હતો. ઉપરાંત બીસીએના પ્રથમવર્ષના સિલેબસ, NEP-2020, નવી ટૅકનૉલૉજીઓ અને કૉલેજની સુવિધાઓ વિષે માહિતી આપવામાં આવી હતી.

ડૉ. ચેતન રાઠોડે ભારતીય સંસ્કૃતિ પ્રમાણે શિક્ષણનું અને ગુરુનું શું મહત્વ છે? એ વિશે ચર્ચા કરી તેમણે આગળ કહ્યું કે, જે રીતે પરિવારમાં માતાપિતાને માન આપીએ છીએ એમજ ગુરુને માન આપવું એમનું સન્માન કરવું કે કૉલેજ પણ હવે તેમનો પરિવાર જ છે. વિદ્યાર્થીઓ એક બીજ તરીકે આવે છે અને આપણી કૉલેજમાંથી એમના પર જ્ઞાન, પ્રેરણા અને અનુશાસનની વર્ષા થાય છે અને વિદ્યાર્થી બીજમાંથી એક વટવૃક્ષ બને છે અને પરિવાર, સમાજ તેમજ રાષ્ટ્રને પોતાનો જ્ઞાન રૂપી છાયડો આપે છે.

કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને રેગિંગ એ એક કાનૂની અપરાધ છે તે વિશે પણ માહિતી આપવામાં આવી હતી. કૉલેજના એન્ટીરેગીંગ સેલ વિશે માહિતી આપવામાં આવી. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્ટ (AI) અને સાઈબર સિક્યુરિટી (CS) કઈ રીતે કામ કરે છે. તેના પર ડૉ. ઈશાન તમ્હાનકર દ્વારા લાઈવ ડેમો પણ આપવામાં આવ્યો. સિલેબસ વિશેની સમજણ પ્રા. રિતુ ભાટિયા તેમજ પરિક્ષા લક્ષી માહિતી ડૉ. પ્રશાંત ઘંટીવાલા દ્વારા આપવામાં આવી. સમગ્ર કાર્યક્રમનું એન્કરિંગ ડૉ. પૂજા પંચાલ દ્વારા કરવામાં આવ્યું હતું.

## શ્રી રંગ નવચેતન મહિલા આર્ટ્સ કૉલેજ, વાલીયા.

### ૧૧માં આંતરરાષ્ટ્રીય વિશ્વ યોગા દિવસની ઉજવણી

શ્રી રંગ નવચેતન મહિલા આર્ટ્સ કૉલેજ, વાલીયા દ્વારા તારીખ ૨૧ જૂન, ૨૦૨૫ના રોજ સવારે ૬:૩૦ કલાકે ૧૧માં આંતરરાષ્ટ્રીય વિશ્વ યોગા દિન નિમિત્તે મામલતદારશ્રી શ્રદ્ધાબેન નાયક, સંપૂર્ણ સ્ટાફ અને વિદ્યાર્થીઓ દ્વારા યોગ કરવામાં આવ્યા હતા. ભરૂચ યોગ વિભાગમાંથી શ્રી સોનલ બહેન, ગીતા બહેન અને જયશ્રી બહેન જેઓ યોગ એક્સપર્ટ છે તેમણે સર્વેને યોગ વિષય ઉપર માર્ગદર્શન આપ્યું. કૉલેજના એનએસએસ ઑફિસર ડૉ. દિનેશસિંહ જી. રાજ દ્વારા સમગ્ર યોગાની પ્રેક્ટિસ સાથે વિદ્યાર્થીનીઓને આધુનિક સમયમાં યોગની જરૂરિયાત વિશે સમજાવ્યું. મામલતદાર શ્રી શ્રદ્ધાબેન નાયક દ્વારા પણ વિદ્યાર્થીનીઓને યોગનું મહત્વ સમજાવવામાં આવ્યું. ૧૩૪ વિદ્યાર્થીનીઓ તેમજ તમામ સ્ટાફ સભ્યો હાજર રહ્યા હતા.



## વિશ્વવિદ્યાલય મધ્યસ્થ ગ્રંથાલય

### Footfall : Dt. 01-06-2025 to 30-06-2025

| Detail | Description | June-2025 | |
|---|---|---|---|
| User | Visitors | 657 | |
| | Internet Lab User | 16 | |
| Registered Members | Senate/Syndicate Members, Deans Professor and Lecturers, PG Teacher in Affiliated Colleges, University Visiting Teachers, Principals, Lecturers of Collage, Asst, Librarian | 3 | |
| | UG/PG Students | 5 | |
| | Research Scholars | 6 | |
| | Non Teaching Staff | 0 | |
| | Visitors | 1 | |
| | Online User | 0 | |
| | Total | | 688 |

Sources: Dr. Jitesh Topiwala, Tech. Assistant, Circulation Section.

### Circulation Section

| Month | Book Issue | Book Return |
|---|---|---|
| June-2025 | 147 | 120 |

Sources: Dr. Jitesh Topiwala, Tech. Assistant, Circulation Section.

### પીએચ.ડી. સંશોધનાર્થી – પ્રકાશિત કરેલ રિસર્ચ પેપર અને કોન્ફરન્સ/સેમિનાર: ખરાઈ પ્રમાણપત્ર (દિનાંક ૧૬–૩–૨૦૨૨ થી પ્રારંભ)

| No. | Month | Nos. of Certificate |
|---|---|---|
| 1 | June-2025 | 14 |

Sources : Ms. Mitali Patel, Jr. Cleark, Circulation Section.

### Details of Ph.D./M.Phil. Plagiarism Detection Certificate Issue

| No. | Month | Nos. of Certificate |
|---|---|---|
| 1 | June-2025 | 18 |

Sources: Dr. Jitesh Topiwala, Tech. Assistant, Classification Section.

### Details of Ph.D./M.Phil. CD Verification Certificate Issue

| No. | Month | Nos. of Certificate |
|---|---|---|
| 1 | June-2025 | 17 |

Sources: Pintu I. Patel, Jr. Library Assistant, Acquisition Section.

**Chief Editor: Dr. Gaurang D. Rami**
Professor & Head, Department of Economics, Veer Narmad South Gujarat University, Surat.
**Editor: Dr. Parul R. Patel**
I/c. Librarian, Universirty Central Library, Veer Narmad South Gujarat University, Surat.
**Co-Editor: Dr. Bharat Thakor**
Assistant Professor, Department of Gujarati, Veer Narmad South Gujarat University,Surat.
**Publisher : Dr. Rameshdan C. Gadhvi**
The Registrar, Veer Narmad South Gujarat University, Surat.
**Type and Design by: Shri Pintu I. Patel**
Jr. Library Assistant, Universirty Central Library, Veer Narmad South Gujarat University, Surat.

'દક્ષિણાયન' સરનામુ : તંત્રી, દક્ષિણાયન, વિશ્વવિદ્યાલય ગ્રંથાલય, વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, ઉધના–મગદલ્લા રોડ, સુરત–૩૯૫૦૦૭ e-mail: dakshinayan@vnsgu.ac.in

This e-NEWSLETTER IS ALSO AVAILABLE ON THE LIBRARY AT WEBSITE www.vnsgu.ac.in